ગાંધીનગર સમાચાર





**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*પ્હોંચે ન લોહી મગજ સુધી બિમારી સતાવે છે!*
*છે મગજ માંદું ઈ તો 'નિવેદનો' જ બતાવે છે!*
*નચાવે એક 'ડોઝ' થી દર્દીને ભાજપી નેતૃત્વ -*
*કરી ટૂંકા, પછી જૂના હિસાબો પણ પતાવે છે!*
*(પૂછો આનંદીબેન અને વજુભાઈ ને...)*

હાઈકુ

*વસાવ્યા પક્ષે -*
*મનખૂશ કરીને -*
*માંદલાં મને...*
*(એક બેઠકમાં બિમારી દૂર)*

*એક ઝાપટે -*
*અસર ત્રાટક ની -*
*ખૂલે ફાટક...*
*(નારાજ હસતા જાય!)*

## ચિંતન

**યે પાયવો મામતેયં તે અગ્ને પશ્યંતો અન્ધં દૂરિતાદરક્ષન્ ।**
**રરક્ષ, તાન્ત્સુકૃતો વિશ્વેદા દિપ્સન્ત ઈદ્રિપવો નાહ દેભુઃ ॥**

**ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.**

**પરોપકાર અને પરમાર્થનાં કાર્યોમાં નિંદા, લાંછન, ઉપહાસ વગેરેનો ભય રાખવો ન જોઈએ. આવા માણસોનું રક્ષણ સ્વયં પરમાત્મા કરે છે. તેથી નિશ્ચિંત થઈ લોકકલ્યાણના કાર્યોમાં લાગેલા રહેવું જોઈએ.**

**પરમાર્થનાં કાર્યો દ્વારા મનુષ્યજીવનની શોભા અને મહિમા વધે છે. સાચો પરોપકારી મનુષ્ય હંમેશા પ્રસન્નચિત્ત રહે છે. અને ભીતરના આનંદનો અનુભવ કરે છે. દિવ્ય પ્રકાશનો અનુભવ કરે છે. પરોપકાર માટે સંકુચિત વિચારોને છોડવા પડે છે. પરોપકાર કરનારનું પરમેશ્વર હર પળે દરેક રીતે તેનું રક્ષણ કરે છે. પરોપકાર કરનારના અંતઃકરણમાં પવિત્રતાના સંસ્કારો સંચિત થાય છે. પુણ્યકાર્યોના પ્રભાવથી તો આપણા મનમાં પરોપકારની ભાવના જાગૃત થાય છે.**

## સુવિચાર

- દીકરા માટે પિતાનું મૌન અને દીકરા માટે માતાની વાણી એક સમાન શિક્ષકની ભૂમિકા અદા કરે છે - **ગિજુભાઈ ભરાડ**
- દરિદ્રતા ભલે આવે પણ હૃદયની અમીરાત છોડવી નહિ - **જીવન પાથેય**
- ફળની અપેક્ષાવાળું સમર્પણ વ્યક્તિને દંભી બનાવે છે - **બોધિવૃક્ષ**
- પોતાના મનથી વિરુદ્ધ થાય અને શ્રદ્ધા ડગી જાય, પોતાની માન્યતાથી વિરુદ્ધ થાય અને શ્રદ્ધા ડગી જાય તો તે શ્રદ્ધા નથી - **મોરારિ બાપુ**
- સાત વારથી ઉપર આઠમો વાર... એછે... એતબાર... વિશ્વાસ - **ભૂપત વડોદરિયા**
- મારામાં વિશ્વાસ પ્રગટશે ત્યારે હું ભક્તિ કરીશ, તો તમે જન્મોજન્મ ચૂકી જશો, વિશ્વાસ તો તમારામાં જ છે. તે અજન્મા છે - **રમણ મહર્ષિ**
- આજનું ઔષધ : દાણા કાઢી લીધા પછી મકાઈના ડોડાને બાળીને તેની ભસ્મ એક ચપટી સવાર-સાંજ લેવાથી પથરીનું દર્દ મટે છે અને પેશાબ સરળતાથી થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

એક માણસ પાસે એક પાણીદાર ઘોડો હતો. એકવાર તેને મળવા એક ચિત્રકાર આવ્યો તેણે કહ્યું, 'ભાઈ સાહેબ, તમે જો તમારા ઘોડાનું ચિત્ર બનાવવા દો તો હું તમને પાંચ રૂપિયા આપીશ.' ઘોડાનો માલિક તો રાજી થઈ ગયો. એ જમાનામાં પાંચ રૂપિયાની કિંમત આજના પાંચ હજાર જેટલી હતી. ઘોડાનો માલિકે કહ્યું, 'હા, હા, આપ આ ઘોડાનું ચિત્ર જરૂર બનાવો.' સવારથી સાંજ ચિત્રકારે મહેનત કરી ઘોડાનું ઉત્તમ ચિત્ર બનાવ્યું. પાંચ રૂપિયા મળતા ઘોડાનો માલિક રાજી થઈ ગયો. એકાદ મહિના પછી આનંદ મેળામાં પેલા ચિત્રકારે એક સ્ટોલ રાખ્યો. જેમાં પેલા ઘોડાનું ચિત્ર વેચવા પ્રદર્શન ભર્યું. ચિત્રકારે ઘોડાનું ચિત્ર જોવા માટે એક રૂપિયો ફી રાખી હતી. આમ છતાં લોકો આ આબેહુબ ચિત્ર જોવા માટે લાઈનમાં ઊભાં રહ્યા હતા. પેલા ઘોડાના માલિકને પણ આશ્ચર્ય થયું કે ઘોડાનું ચિત્ર જોવામાં પણ લોકો પૈસા ખરચીને લાઈનમાં રાહ જોવે છે. એણે એક રૂપિયાની નોટ ખરીદી. પોતાના જ ઘોડાનું ચિત્ર જોઈને તે ડઘાઈ જ ગયો. ચિત્રકારને બોલાવીને કહ્યું, 'આ તો અન્યાય કહેવાય. મારા ઘોડાનું ચિત્ર બનાવી તમે મને માત્ર પાંચ રૂપિયા આપ્યા અને તમે આ ચિત્રના પ્રદર્શનથી જ પાંચસો રૂપિયા કમાવ. આ તો હદ થઈ ગઈ કહેવાય...' પેલા ચિત્રકારે જવાબમાં કહ્યું, ભાઈ, તારો ઘોડો મરી શકે છે, પણ એનું આ ચિત્ર તો અમર છે. આ તારા ઘોડાનું ચિત્ર નથી. બધા જ ઘોડાઓનું ચિત્ર છે. તેનો સાર છે. આ મૂળભૂત તત્ત્વ છે.' સાર એ છે કે માણસ મરી શકે છે, તેના ગુણ નહીં, વ્યક્તિના દૈવી ગુણ તેની સનાતન સંપદા છે.

# ૨૦૨૧ : હેલ્થ સોલ્યુશનનું વર્ષ બનાવીએ

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાચા અર્થમાં 'પ્રેરણામૂર્તિ' બની રહ્યા છે. અન્ય નેતાઓ જેવી ચીલાચાલુ વાતો નહીં કરતાં તેઓ કંઈક એવું સૂચન કરતા રહે છે જે પ્રજાજનોને સંકટ સમયે હતાશામાંથી બહાર આણવામાં મદદરુપ થાય. એ પણ જાણે છે કે કોરોના સંકટ એ વૈશ્વિક સંકટ છે અને એની સામેની એક માત્ર ઢાલ એ રસીકરણ છે. રાજકોટ નજીક અંઢેરી પાસે ગુજરાતને એમ્સ હોસ્પિટલ મળવાની છે. એનું મુખ્યમંત્રી અને રાજયપાલ ઉપરાંત ભાજપના પ્રદેશ પ્રમુખની ઉપસ્થિતિમાં 'વર્ચ્યુઅલ ભૂમિપૂજન' કરતાં એમણે જે ઉદ્બોધન કર્યું તે ઘણું પ્રેરણાદાયક છે. એમણે ૨૦૨૧ના વર્ષને કોરોના સામેની જીતનું વર્ષ લેખાવી ભવિષ્યવાણી કરી છે કે નવું વર્ષ 'હેલ્થ સોલ્યુસન'નું વર્ષ બની રહેશે. આરોગ્ય અંગે આટલી ચિંતા અગાઉના કોઈ નેતાએ ભાગ્યે જ કરી હશે. કદાચ એવી ચિંતા કરવાની જરૂર જ નહોતી સરજાઈ. આપણે ગયા વર્ષની કારમી અસરોથી હજી મુક્ત થયા નથી. કોરોનાના નવા કેસો ઘટેલી સંખ્યામાં પણ નોંધાતા રહે છે અને રિકવરી રેટ ૯૬ ટકા પર પહોંચી ગયો હોવા છતાં મરણ પણ થતાં રહે છે. રસી ઉપલબ્ધ થઈ ચૂકી છે અને દેશભરમાં આજથી કોરોનાની રસીનુ ડ્રાય રન યોજાનાર છે. ગુજરાત, પંજાબ, આંધ્ર અને આસામમાં ડ્રાય રન સફળતાપૂર્વક સંપન્ન થયેલ છે. હવે દેશભરમાં આ અભિયાન આરંભાશે. રસીનો મોટો જથ્થો ઉપલબ્ધ કરાયેલ છે પરંતુ સાથે જ રસી વિશે કેટલીક અફવાઓ પણ ફેલાવવામાં આવી રહી છે. મોદીએ એ મુદ્દે પ્રજાજનોને સાવધ રહી સરકારી આરોગ્યતંત્રને સહકાર આપવા વિનંતી કરતાં એક નવું સૂત્ર પણ આપ્યું છે. મોદીજી સૂત્રોયના રચયિતા મહાનુભાવ છે. અગાઉ એમણે એક સૂત્ર આપેલું : 'જબ તક દવાઈ નહીં, તબ તક ઢીલાઈ નહીં.' હવે જયારે રસી સ્વરુપ કોરોનાની દવા ઉપલબ્ધ થઈ રહી છે ત્યારે પણ કોરોના પ્રોટોકોલ તો જાળવવાનો જ. એટલે એમને દેશને નવું સૂત્ર આપ્યું છે : 'દવાઈ ભી ઔર કડાઈ ભી.' મતલબ કે કોરોનાનો કેર ઓછો થયો છે એમ માની લઈ બેદરકારી રાખવી ભારે પડી શકે છે. માસ્ક, વારંવા હાથ ધોવા અને દો ગજ કી દૂરી જેવં પ્રસ્થાપિત નિયંત્રણોને વળગી રહેવાની જરૂર છે, નહીંતર કોરોના તો અદશ્ય શત્રુ છે. તે ગમે તે સમયે આપણને ઝપેટમાં લઈ શકે છે. મોદી આ મુદ્દે તેમ જ રસી વિશે બદઈરાદાપૂર્વક ફેલાવાઈ રહેલી અફવાઓ બાબતે સાવધાન રહેવાની તાકીદ કરી રહ્યા છે. ગુજરાત એમનું વચન રાજય (હોમ સ્ટેટ) હોવાથી એના તરફ સ્વાભાવિક રીતે જ એ વધારે ધ્યાન આપે છે. રાજકોટને મળેલ એમ્સ જેવી જ એમ્સ એ આવનારાં વર્ષો દરમિયાન દરેક રાજયને મળી રહે એવું આયોજન થઈ ચૂક્યું છે. ત્રણ સંસદીય ક્ષેત્રો વચ્ચે ઓછામાં ઓછી એક મેડિકલ કૉલેજ પણ સ્થાપિત કરવાની સરકારની નેમ છે. આમ દેશભરમાં મેડિકલ સેવાઓનું એક નેટવર્ક સ્થપાશે જે પ્રજાજનો માટે આરોગ્યની સમસ્યાઓનું નિરાકરણ બની રહેશે. દુનિયાભરમાં સૌથી મોટા પાયે રસીકરણ ઝુંબેશ પણ આપણાં જ દેશમાં યોજાશે અને તે સફળતાપૂર્વક સંપન્ન થાય એની તકેદારી સરકારના સર્વોચ્ચ સૂત્રધાર દ્વારા રખાતી હોઈ એમાં ખામી રહેવાની શક્યતા નહીંવત જ રહેશે. આટલી જડબેસલાક વ્યવસ્થા પણ આખરે તો જનતાના સક્રિય સહયોગથી જ સફળ થઈ શકે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વારંવાર એક યા બીજા નિમિત્તે દશની જનતા સાથે સીધો સંવાદ કરી આ ઉદ્દેશ પાર પાડવા કૃતસંકલ્પ છે. એમના આ સંકલ્પને રાજકીય લાભાલાભમાં નહીં ખતવી દઈ અન્ય રાજકીય પક્ષો પણ સમર્થન આપે તે જરૂરી છે. ફરી એક વાર મોદીએ જ કોરોના સંક્રમણના પ્રારંભિક તબક્કે આપેલું સૂત્ર યાદ કરી લઈએ : 'જાન હૈ તો જહાન હૈ.' અબજોના ખર્ચે શરૂ થનાર રસીકરણ પ્રક્રિયા એ કોઈ રાજકીય પાર્ટીનો કે માત્ર મોદી સરકારનો કાર્યક્રમ નથી બલકે એ રાષ્ટ્રય તકાજો છે અને સૌના લાભમાં છે, એવા સકારાત્મક અભિગમ સાથે નવા વરસને કોરોનામુક્તિના વર્ષ તરીકે આવકારીએ. પડકારો ઝીલી લેવાની પ્રચંડ ક્ષમતાનો પરિચય દેશ આખા વર્ષ દરમિયાન આપ્યો જ છે. એમાં જયાં છીંડાં રહી ગયાં હોય તે પૂરવા માટે જાગ્રત બનીએ.

# જબ ઝિંદગી એકબાર મીલી હૈ, તો દો બાર ક્યૂં સોચે ?



**ડાયલોગથી દેવભાષા**

ડો. જય ઓઝા

**જબ ઝિંદગી એકબાર મીલી હૈ, તો દો બાર ક્યૂં સોચે ?**

**- ડર્ટી પિક્ચર**

આ ફિલ્મ ૨૦૧૧માં મિલન લુથારિયાએ દિગ્દર્શિત કરી હતી. આ ફિલ્મ સિલ્ક સ્મિતાના જીવન પર આધારિત હતી. 'ડર્ટી પિક્ચર' ફિલ્મમાં વિદ્યાબાલને મુખ્ય પાત્ર ભજવ્યું છે. આ પાત્ર બિન્દાસ્ત દર્શાવવામાં આવ્યું છે, અને તે આ સંવાદ બોલે છે. આ ફિલ્મનાં સંવાદ રજત અરોરાએ લખ્યા હતા. ફિલ્મ ખૂબ સફળ થઈ હતી. આ જ સંવાદ સાથે સામ્યતા ધરાવતું એક સુભાષિત ચાણક્યનીતિમાં મળી આવે છે.

**પુનરુવર્તિં પુનરિમતિરં પુનરુભાર્યા પુનરુમહી ।**
**એતત્ સર્વ પુનરુલભયં ન શરીરં પુન પુનઃ ॥**

અર્થ - ધન ફરી મેળવી શકાય છે. મિત્ર અનેક મળે છે. પત્ની પણ ફરી મેળવી શકાય છે. બધું જ મનુષ્યને વારંવાર મળી શકે છે... પણ જીવન ફરીવાર મળતું નથી...

'ડર્ટી પિક્ચર'ના સંવાદ લેખક રજત અરોરા તો ક્યારે ચાણક્ય નીતિ વાંચવા ગયા હશે, તે તો ભગવાન જાણે...પરંતુ સત્ય હકીકત એ જ છે કે સંસ્કૃત સાહિત્યનો અમૂલ્ય ખજાનો અતિવિશાળ છે, અને અહીં દરેક ડૂબકી લગાવતા મરજીવાને સૂક્તિ રૂપી મૌક્તિક અચૂક મળી જ આવે છે....

ખૂબ જ વિચાર કરી કરીને જીવનારા આપણે બીજા શું વિચારશે તે જ વિચારતા રહીશું તો, પછી જીવીશું ક્યારે ? ૮૪ લાખ યોનિમાં માણસનો અવતાર મહામહેનતે અને પુણ્યક્રમ પછી જ પ્રાપ્ત થાય છે, તો મનુષ્ય અવતારને પણ આપણે ચિંતા, વિચારવાયુ અને બીજાના દૃષ્ટિકોણથી પરવામાં દઈશું તો દુઃખી થવાનો જ વારો આવશે...

- jayuoza@gmail.com,
Mo.9898046488

## 'ગુડબાય ૨૦૨૦ - વેલકમ ૨૦૨૧' સાહિત્યિક કાર્યક્રમ યોજાયો



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● 'સાહિત્ય સફર' દ્વારા, તા.૨૩-૧૨-૨૦૨૦ ના રોજ, 'ટેરવાનો તહલકો-૨' અંતર્ગત એક ઑનલાઈન કવિ સંમેલન 'ઝૂમઍપ' પર, આયોજક અને સંચાલક સંદીપ પટેલ 'કસક' ની રાહબરી હેઠળ યોજાઈ ગયું. જેની શરૂઆત સંત કિરણદાસ બાપુના આશીર્વચનથી કરવામાં આવી હતી. ત્યારબાદ કવિમિત્રો સર્વશ્રી સંદીપ પટેલ 'કસક'; સોરઠના સંત કિરણદાસ બાપુ; પ્રતાપસિંહ ડાભી 'હાકલ'; નૈષધ મકવાણા; આશિત ધામેચા; ચંદ્રેશ પ્રજાપતિ 'રજ';ડૉ.ગુલાબચંદ પટેલ 'રત્નેશ'; ડૉ. કિશોર ઠક્કર; પિંકી મહેતા શાહ 'દિશા' પ્રવીણ ખાંટ; પ્રસૂન રઘુવીર; પ્રણવ જાખર 'ક્રિષ્ણા'; સોજીત્રા કૃષ્ણ પ્રિયતમ 'શબ્દ'; રઘુ રબારી 'રાઘવ'; સાકેત દવે; વિપુલ પંડ્યા 'સહજ'; અલ્પા વસાવડા 'કાવ્યાલ્પ'; ચેતના ગણાત્રા 'ચેતુ'; ધાર્મિક પરમાર 'ધર્મદ';સાગર ચોચેટા 'સાચો' વિગેરેએ પોતાની સુંદર રચનાઓ રજૂ કરી, જોડાયેલા બધા જ કાવ્ય રસિકો અને શબ્દના સાધકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ કાર્યક્રમના અંતે સંચાલક સંદીપ પટેલે અભિવાદન કર્યું હતું અને આભાર વ્યક્ત કરી,બધા કવિ મિત્રોને 'આભાર પત્ર'નું નજરાણું અર્પણ કર્યું હતું. ધાર્મિક પરમારે પોતાની આગવી શૈલીમાં આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમ 'ગાંધીનગર મેટ્રો'- દૈનિક; 'બનાસ બચાવો' - સાપ્તાહિક; 'બનાસ ગૌરવ'- સપ્તાહિક અને 'સાબર પ્રવાહ'-પાક્ષિક ના સહયોગથી યોજાયો હતો.

● નવા વર્ષના આગમન પહેલાં, વિતેલા વર્ષને છેલ્લીવાર વાગોળવા અંગે, 'નિર્માણ' દ્વારા 'ગુડબાય- ૨૦૨૦', 'વેલકમ ૨૦૨૧' અંગેનો એક સાહિત્યિક કાર્યક્રમ, તા.૩૧-૧૨-૨૦૨૦ ના રોજ યોજાઈ ગયો; જેમાં જાણીતા લેખક ડૉ.તુષાર શુક્લ અને કવિશ્રી રમેશ ચૌહાણે પોતાની ઉત્કૃષ્ટ રચનાઓ, 'નિર્માણ' ના એન્કર 'નતાશા'ની ઉપસ્થિતિમાં રજૂ કરી; વર્ષ-૨૦૨૦ ને વિદાય આપી,વર્ષ-૨૦૨૧ ને આવકાર્યું હતું. સર્વેને નૂતનવર્ષની શુભ કામનાઓ.

muljibhaidadhi@gmail.com, (M)9824236893

# પ્રતિભા સંપન્ન તથા નિષ્ણાત પુરાતત્વવિદ : પી. પી. પંડ્યા



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

ઈતિહાસના મહત્વના પ્રસંગોનું ચોકસાઈભર્યું તેમજ વિવેકપૂર્ણ દસ્તાવેજીકરણ કરવાનું કામ આપણે કરી શક્યા નથી તે હકીકતમાં તથ્ય છે. ઘણાં મહત્વના દસ્તાવેજો પણ ઉપલબ્ધ થતા નથી અથવા કાળક્રમે કાળજીના અભાવે નાશ પામ્યા છે. આપણાં પ્રાચીન સ્થળોની મૂળ સ્વરૂપે જાળવણી કરવાનું મહત્વનું કામ પણ સંતોષકારક રીતે થયુંનથી. ઉત્તરોત્તર સત્તાસ્થાને આવતી સરકારો માટે આ અગ્રતાનો વિષય રહ્યો નથી. જે કામ થયું છે તે ઓછું અથવા નગણ્ય છે. જો કે કેટલીક બીન સરકારી વ્યવસ્થા કે માળખાના માધ્યમથી આ કામ થયું છે તે રાહતની બાબત છે. જેમ કે ભગવાન સ્વામી નારાયણની હયાતી દરમિયાનના તેમજ તેમના જીવન સંબંધિત કેટલીક ભૌતિક વસ્તુઓ તથા તેના ઈતિહાસની વિગતો અમદાવાદના નારણપુરામાં સ્થાપવામાં આવેલા મ્યુઝીયમમાં થોડા વર્ષોથી જોવા મળે છે. સાબરમતી ગાંધી આશ્રમનું સંગ્રહાલય તેમજ કરમસદનું સરદાર સ્મારક એ પણ સારા તેમજ અનુસરવા યોગ્ય ઉદાહરણો છે. આ ઉપરાંત પણ આવા કેટલાક પ્રયાસો થયા છે તે પ્રશંસાને પાત્ર છે. પુરાતત્વની દ્રષ્ટિએ આપણે સ્થળોની બાબતમાં ઓછા કે ઉતરતા નથી. જરૂર તેના વિશેષ સંશોધન તેમજ જાળવણીની છે. એજ રીતે આ મહત્વના વિષયમાં જનસામાન્યને માહિતગાર કરી તેને જોડવાનો પ્રયાસ કરવો તે પણ એટલુંજ મહત્વનું છે.

ભારતને આઝાદી મળી તે સાથેજ દેશના વિભાજનની દુર્ભાગ્યપૂર્ણ ઘટના પણ બની. આ વિભાજનના અનેક પરિણામો કે અસરોમાં એક આપણાં પ્રાચીન સ્થળો કે અવશેષો બાબતમાં બન્યું. જગતની પ્રાચીન સંસ્કૃતિઓ સાથે જેનું ગૌરવપૂર્ણ સ્થાન હતું તે હરપ્પા સંસ્કૃતિના કેન્દ્રો - હરપ્પા તેમજ મોંહે-જો-દરો નો સમાવેશ સીંધ પ્રાન્ત સાથે પાકિસ્તાનમાં થયો. સ્વતંત્ર થયેલા આપણાં દેશમાં પુરાતત્વીય સ્થળો વિશે જાણવાની - સમજવાની ઉત્કંઠા તો હતીજ. આથી અન્ય પ્રયાસો ઉપરાંત સરકારે પણ આ બાબતને લગતો અલગ વિભાગ સક્રિય કરવા પ્રયાસ કર્યો. તે માટે જરૂરી નાણાંકીય ફાળવણી તથા તેમાં સુયોગ્ય માણસોને જોડવામાં આવ્યા. દેશના ભાગલા પછી આપણાં દેશમાં આવા પ્રાચીન સ્થળોના સંશોધન - ઉત્ખનનના જે પ્રયાસો થયા તેમાં શ્રી પી. પી. પંડ્યાનું યોગદાન અગ્રસ્થાને મૂકી શકાય તેવું છે. સૌરાષ્ટ્રના પ્રાચીન ઈતિહાસના પોપડા તેમણે ઉકેલ્યા છે. માત્ર ૩૯ વર્ષની વયે આ સંશોધકે આપણી વિદાય લીધી તે સંશોધનના જુસ્સાદાર પ્રયાસોની ગતિ પરનો કુદરતનો પ્રહાર હતો. (જન્મ : તા.૦૮-૧૧-૧૯૨૦. દેહાવસાન : તા.૧૨-૦૨-૧૯૬૦) છારોડી ગુરૂકુળના વિચારશીલ તેમજ અભ્યાસુ સાધુ માધવપ્રિયદાસજીએ થોડા દિવસો પહેલાજ પુરુષોત્તમ પંડ્યા (પી.પી.પંડ્યા) નું મરણોત્તર સન્માન - અભિવાદન કર્યું તે ગૌરવશાળી ઘટના છે.

પંડ્યા સાહેબના અમૂલ્ય યોગદાનને શ્રી વાય. એમ. ચીતલવાલા ત્રણ ભાગમાં ગણાવે છે અને તેની પ્રશંસા કરે છે.

૧. પ્રાગ્ ઐતિહાસિક સ્થળોની ખોજ

૨. હરપ્પીય અને અનુહરપ્પીય ટીંબાઓની નોંધણી

૩. ઉત્ખનન : મુખ્યત્વે હરપ્પીય સ્થળોના ઉત્ખનનનો સમાવેશ થાય છે.

ગુજરાત રાજય જયારે સ્વતંત્ર રાજય તરીકે અસ્તિત્વમાં ન હતું ત્યારે શ્રી પંડ્યા ૧૯૫૦માં સૌરાષ્ટ્ર રાજયના પુરાતત્વ વિભાગમાં કાર્ય કરવા માટે જોડાયા. શરૂઆતમાં તેઓ જામનગરના મ્યુઝિયમમાં ક્યુરેટર તરીકે કામગીરી કરતા હતા. પરંતુ ત્યારબાદ જીવનના એકજ દાયકામાં તેમણે યુગકાર્ય કરીને પોતાનું જીવતર દીપાવ્યું હતું. સૌરાષ્ટ્રની ઢંકાયેલી તેમજ મદદઅંશે વિસરાયેલી સાંસ્કૃતિક સમૃધ્ધિને તેમણે ખુલ્લી કરીને ભારતીય પુરાતત્વ સંશોધનના ક્ષેત્રમાં વિસ્મૃત ન થાય તેવું કાર્ય કર્યું. રાજકોટ જિલ્લાના ખંભાલિડાની બૌધ્ધ ગુફાઓ (ત્રીજી કે ચોથી સદી) તેઓ અંધકારમાંથી પ્રકાશમાં લાવ્યા તે તેમના અનેક મહત્વના કાર્યો પૈકીનું એક શિરમોર કાર્ય છે.

આપણે ત્યાં પુરાતત્વના અવશેષો શોધવામાં તેમજ તેની ખૂટતી કડીઓને જોડવાનું પડકારરૂપ કાર્ય શ્રી પી. પી. પંડ્યાએ કર્યું. આજ પ્રકારે કચ્છ તથા સૌરાષ્ટ્રના અનેક ગામોના સતી અને શૂરવીરોના ઉજળા સમર્પણની કથા કહેતા ખાંભી - પાળિયાઓ તથા તેની પાછળની કથાઓ મનોહર તથા વીરતાથી ભરપૂર છે. તે વાતો બહાર લાવવામાં પોતાના જીવનના મૂલ્યવાન વર્ષો હોમનાર અંગ્રેજ અધિકારી કેપ્ટન જેમ્સ મેકમર્ડો યાદ આવે. કચ્છ તથા ઓખામંડળના આ ક્ષેત્રમાં આ યુવાન અધિકારીને ધરતીની અમીરાતનું પ્રબળ આકર્ષણ થયું અને પરિણામે ઘણી વિગતો પ્રકાશમાં આવી. ખાંભી - પાળિયાને લગતી ઘણી વિગતો સદભાગ્યે જયમલ્લ પરમારની દ્રષ્ટિ હોવાના કારણે ઊર્મિ - નવરચનાના અંકોમાં સંગ્રહિત થઈ શકી. કચ્છમાં ઘોળાવીરાની નગરરચના પણ કેટલી રસપ્રદ - માહિતીપ્રદ છે ! જગતની પ્રાચીન સંસ્કૃતિના અવશેષો અહીંથીજ મળેલા છે.

અસાધારણ કાર્યબોજના કારણે તેઓ ખૂબ ઘસાયા હતા. માત્ર ૩૯ વર્ષની ઉંમરમાં સંસારને અલવિદા કહેનાર આ વ્યક્તિ વિશેષે કુટુંબની ચિંતા કરી ન હતી. ફરજને પ્રાથમિકતા આપીને શરીર સુવિધાઓને પણ અવગણી હતી તેમ લાગે. ખરા અર્થમાં આ ક્ષેત્રમાં શહિદી વહોરનાર ચિરનિંદ્રામાં પોઢી ગયા ત્યારે નજીવું બેંક બેલેન્સ તથા કાચી ઉંમરના સંતાનો છોડીને ગયા. કદાચ કુદરતેજ આ કુટુંબીજનોને ઝઝૂમીને જીવવાની તાકાત પૂરી પાડી હશે. જો કે મહામહોપાધ્યાય કે. કા. શાસ્ત્રી તથા ડૉ. સાંકળિયા જેવા મુરબ્બીઓએ તેમજ પુરાતત્વ ખાતાના તે સમયના વરિષ્ઠ અધિકારીઓએ કુટુંબને હૈયાધારણ આપવાના, ટેકો આપવાના સહજ કાર્યો સામે ચાલીને જરૂર કર્યા. પરંતુ પંડ્યા સાહેબની ખોટ કુટુંબ માટે કે સમાજ માટે પૂરી શકાય તેવી ન હતી. પંડ્યા સાહેબના પુત્રોએ પણ ખંભાલિડાની ગુફાઓના સંરક્ષણ માટે વિવિધ સત્તામંડળો, સરકાર પાસે સક્રિય રજૂઆતો કરીને તે અંગેના સુયોગ્ય પગલાં લેવાય તે માટેના સફળ પ્રયાસો કર્યા. આ ગુફાઓના શિલ્પો જે જીર્ણશીર્ણ સ્થિતિમાં છે તે ત્રીજા સૈકાના ગુજરાતની શિલ્પ સમૃધ્ધિ દર્શાવે છે તેવું પંડ્યા સાહેબનું મહત્વનું પ્રતિપાદન છે. સંશોધન - ઉત્ખનનનું વિશાળ ક્ષેત્ર છે. આપણાં પ્રદેશમાં પણ તેના ખેડાણની વિપુલ શક્યતાઓ છે. પંડ્યા સાહેબનું ઋષિ તુલ્ય તપ તથા સાધના આ ક્ષેત્રના અનેક લોકોને પ્રેરણા આપતું રહેશે.

# શારીરિક મજૂરી ક્યારેય હલકી કોટીની નહીં



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

વર્ગવિહીન સમાજ એ ગાંધીનો વિચાર ગાંધી વર્ગ અને જાતિ વિહીન સમાજ રચનાના હિમાયતી હતા. સમાનતા મૂલક સમાજના વિચારો ધરાવતા મહાત્મા ગાંધીનો વિચાર એ હતો કે - જેવી રીતે આર્થિક વ્યવસ્થાનું તેવી જ રીતે સામાજિક વ્યવસ્થાનું ઘડતર પણ અહિંસા, સત્ય અને ન્યાય ઉપર થવું જોઈએ. ગાંધીજી સહકારમૂલક સેવાભાવ ઉપર રચાયેલી વર્ણ - અને વર્ગ - વિભાગ વિનાની સમાજ-વ્યવસ્થાની તરફેણ કરે છે. શારીરિક મજૂરીના કોઈ પ્રકારને હલકો કે ઊતરતી કરીને ગણી ન શકાય. પિતાને માટે અને જરૂર પડ્યે બીજાઓ માટે હલકામાં હલકું કામ દરેક વ્યક્તિએ કરી લેવું જોઈએ. બધું કામ સરખું પ્રતિષ્ઠિત છે, અરે પુણ્યરુપ છે. પ્રામાણિક અને ફરજના ભાનવાળો દરેક કામગરો માણસ પોતાના મહેનતાણાનો અધિકારી છે એટલું જ નહીં, પરંતુ સોના સન્માનનો પણ અધિકારી છે. જન્મ, મિલકત કે ધંધા ઉપર રચાયેલા ઉચ્ચનીચભાવવાળા વર્ગો કે વર્ગોના વિભાગેને ગાંધીજીની વ્યવસ્થામાં સ્થાન નથી. તેમ છતાં સ્વાભાવિક તેમ જ અભ્યાસ પરંપરાથી મેળવેલી શક્તિઓ મુજબ સહકાર તેમ જ શ્રમવિભાગની વ્યવસ્થા તો તેમાં છે જ. ગાંધીજીની કલ્પના આ જાતની છે. એ વસ્તુ તેમની અસ્પૃશ્યતાવિરોધી હિલચાલ ઉપરથી, તેમ જ પોતાના છેક નજીકના સાથીઓ માટે સફાઈના કામને તેમણે ફરજિયાત બનાવ્યું છે તે ઉપરથી, સાબિત થાય છે. આ દષ્ટિબિંદુથી જ ગાંધીજીની છાપવાળી પરિષદો અને મહાસભાઓમાં ઊંચી કક્ષા સુધી ભણેલાઓને અને સામાન્ય રીતે ઉપલા વર્ણોના લેકીને સફાઈકામ ખાસ સોંપવામાં આવે છે. જે સફાઈકામને સંમાનિત ગણી શકાય, તે પછી બીજું કઈ પણ હલકું કામ સંમાનિત કહેવાય જ.

રાજકારણમાં પણ એ જ સિદ્ધાંતે લાગુ પડે છે. રાજકીય સંબંધમાં પણ સામાજિક સંબંધોમાં સ્વીકારાતાં નૈતિક ધોરણો જ સ્વીકારવાનાં છે. સામાજિક ક્ષેત્રમાં એક અને રાજકીય ક્ષેત્રમાં બીજું – એમ બે નૈતિક ઘેર રાખવાનાં નથી. બંને ક્ષેત્રમાં સારી અને સમૃદ્ધને યોગ્ય કહેવાય તેવી વર્તણૂક એકસરખી જ હોવી જોઈએ. રાજકારણમાં પણ અમુક સાધ્યને સિદ્ધ કરવા માટે વાપરવાનાં સાધન તરફ એટલી જ ચીવટભરી ખેવના દાખવવાની છે. સાધ્ય ગમે તેવું ઉચ્ચ હોય, તેથી કરીને તેને માટે ગમે તેવાં સાધને ઉપયોગમાં લઈ શકાય નહીં. સાધ્ય જેટલાં જ અગત્યનાં સાધન પણ છે. કેટલીક વાર તો સાધ્ય કરતાં તેને માટેનાં સાધનો વધુ અગત્યનાં ગણાવાં જોઈએ. આંતર તેમ જ બાહ્ય રાજકીય વ્યવહાર અને સંબંધમાં જંગલી પશુઓને કાયદો લાગુ પાડવાનું નથી. એ વસ્તુ ત્યારે જ સિદ્ધ થાય જ્યારે રાજકીય જીવનમાંથી પણ લોભ, બીજાની વસ્તુ બળજબરીથી પચાવી પાડવી, અને બીજાને શોષણ કરવું વગેરે વસ્તુઓને નાબૂદ કરવામાં આવે. અહીં પણ માણસોને માત્ર સાધન તરીકે વાપરવાનાં નથી. સમાજ વિષેની આવી કલ્પના ધીરે ધીરે રાજકીય સંબંધમાંથી દેવ અને હિંસાને દૂર કરે છે.

આમ, ગાંધીજીએ પ્રમાણુશાસ્ત્રની દષ્ટિએ પિતાની જીવનફિલસૂફી વ્યવસ્થિત રીતે નથી નિરૂપી. તેમ છતાં તેમની બધી સામાજિક-રાજકીય યોજનાઓ અને પ્રવૃત્તિઓ આંતરિક રીતે સુસંગત તથા સુસંબદ્ધ છે. આપણે જોઈએ તેમ, તે બધી અમુક મૂળભૂત સિદ્ધાંતના પાયા ઉપર રચાઈ હોય છે, અને એક પ્રકારની એકસૂત્રતા તે બધીમાં વ્યાપી રહેલી હોય છે. તે બધીને તેમના મૂળભૂત સિદ્ધાંતથી કે પરસ્પર અલગ પાડી શકાતી નથી. તેમના મૂળભૂત સિદ્ધાંતથી તેમને જુદી પાડીએ, તે જાણે તેમનાં મૂળમાંથી તેમને ઉખેડી નાખી હોય તેમ થોડા વખતમાં તે ચીમળાઈ જઈને નાશ પામે છે. તરત તેઓ વિકત થઈને નિર્જીવ મૃત રૂઢિમાં પરિણમે છે. બીજી બાજુ તે મૂળભૂત સિદ્ધાંતે સ્વીકારીએ અને તેમાંથી નિષ્પન્ન થતી સુધારણાની વ્યવહાર યોજનાઓ ન સ્વીકારીએ, તથા બદલામાં તે સિદ્ધાંતને અનુરૂપ એવી બીજી યોજનાઓ ન લાવીએ, તે એ મૂળભૂત સિદ્ધાંતે પણ ખાલી ખોખારૂપ બની જાય અને તેઓમાં કશા સાર કે તત્ત્વ જેવું ન રહે. સાથે સાથે જે તે બધી વ્યવહાર યોજનાઓને તૂટક તૂટક તથા અલગ અલગ અમલમાં મૂકવામાં આવે, અને તેમની વચ્ચે કોઈ પ્રકારનો અનુબંધ કે સંબંધ ન રાખવામાં આવે તો પણ તેઓમાં પ્રાણ જેવું કે વિકાસના તત્વ જેવુ કંઈ ન રહે એમ આચાર્ય કૃપાલાણી સ્પષ્ટ કરે છે.